
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




# ઈન્ફોસીટી પોલીસ મથકના કોન્સ્ટેબલ અને પીએસઆઈ વચ્ચે તું...તું... મેં... મેં...

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ મથકના કોન્સ્ટેબલ અને પીએસઆઈ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. પોલીસ કોન્સ્ટેબલના ગેરવર્તનને પગલે પીએસઆઈ પોલીસ મથકે ફરીયાદ કરવા માટે પહોંચ્યા હતા. પરંતુ અધિકારીઓએ દરમિયાનગીરી કરતા મામલો થાળે પડ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સરદારનગર પોલીસ મથકમાં પીએસઆઈના દિકરાની ઈન્ફોસીટી ખાતે બ્રાન્ડેડ શુઝની દુકાન ધરાવે છે. દુકાન પાસે કચરા પેટી મુકવા જેવી સામાન્ય બાબતે સિક્યુરીટી ગાર્ડ સાથે તેને રકઝક થઈ હતી. ઈન્ફોસીટી ખાતે સિક્યોરીટીમાં ફરજ બજાવતા ગાર્ડે પોલીસને કોલ કર્યો હતો. જેથી ડરના પગલે દિકરાએ પણ તેના પીએસઆઈ પિતાને જાણ કરતા તેઓ આવી પહોંચ્યા હતા. આ સમયે ઈન્ફોસીટી પોલીસ મથકના કોન્સ્ટેબલે કચરા ટોપલી ખસેડવા જેવી સામાન્ય બાબતે પીએસઆઈ, પુત્ર અને પત્ની સાથે ગેરવર્તન કરીને અપશબ્દો બોલી હોહા મચાવી હોવાનું જાણવા મળ્યું છે. બંન્ને પક્ષે બોલાચાલીને પગલે ઈન્ફોસીટી ખાતે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. કોન્સ્ટેબલના ગેરવર્તન તેમજ મારી નાંખવાની ધમકી મુદ્દે પીએસઆઈ ફરીયાદ નોંધાવવા માટે ઈન્ફોસીટી પોલીસ મથકે પહોંચ્યા હતા. જયાં મોડી સાંજ સુધી મેરેથોન ચર્ચાઓ અને વાતચીત બાદ ઉચ્ચ અધિકારીઓની સમજાવટથી સમગ્ર મામલો થાળે પડ્યો હતો. પરંતુ સમગ્ર દિવસ દરમિયાન પીએસઆઈ સામે કોન્સ્ટેબલની ગેરવર્તનનો મામલો પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યો હતો. જો કે પોલીસ તંત્રમાં આ બનાવની ગંભીર નોંધ પણ લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## ખૂણેખાંચરેથી

- રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે વાહકજન્ય રોગચાળા અંગે વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ખેતીવાડી અધિકારી જાદવ કોરોનાને મહાત કરી આજે તેમની ફરજ પર હાજર થયા છે.
- ગાંધીનગર જિલ્લામાં હાલ ચાલી રહેલ મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોના રજીસ્ટ્રેશનમાં આજ સુધીમાં ૯૦૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા સરપંચ એસોસિએશનએ વી.ઈ.સી.ની હડતાલનું સમર્થન કરી અને સરકારને તેમના બાકી નીકળતાં નાણાંની ચુકવણી તાત્કાલિક કરવી જોઈએ તેમ પ્રમુખ વિનુભાઈ પટેલે જણાવ્યુ છે.
- જી.એસ.ટી. કાઉન્સીલની બેઠકમાં આજે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી હાજરી આપી હતી.
- રાજ્ય સરકાર દ્વારા હવે ડીજીટલ સેવાસેતુ કરી ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોના ઉકેલ માટે આગળ વધશે.

# આદરજ મોટીથી વિજાપુર રેલવે લાઈનને બ્રોડગેઝ કરવાનું કામ સત્વરે શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના આદરજ મોટીથી વિજાપુર તરફની મીટર ગેઝ રેલવે લાઈન જે અમદાવાદ રેલવે ડિવિઝનમાં આવે છે જેને બ્રોડગેઝમાં રૂપાંતર કરવા માટે સે. ૨૬ કિસાનનગર વસાહતમંડળના પૂર્વ પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલ દ્વારા રજુઆત કરવામાં આવી હતી તેવું તેમણે અખબારી યાદીમાં જણાવ્યું છે. તેમના જણાવ્યા મુજબ આ રજૂઆતને આધારે વર્ષ ૨૦૧૬ના રેલવે બજેટમાં જ કેન્દ્ર સરકારના રેલવે મંત્રાલયે રૂ. ૨૯૬ કરોડ મંજૂર કર્યા હતા જે બદલ તેમણે વડાપ્રધાન, રેલવે મંત્રી, સાંસદ તથા અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. જોકે આ લાઈન પર સર્વેની કામગીરી ચાલુ છે તેવી માહિતી પ્રાપ્ત થતી રહી છે પરંતુ ચાર વર્ષ વીતવા છતાં ગેઝ રૂપાંતરનું કામ હજુ પણ શરૂ થયુ નથી તેથી સત્વરે તે કામ શરૂ કરાય તેવી વેસ્ટન રેલવેના જનરલ મેનેજર કોન્ટ્રાક્ટરને સૂચના આપે તેવી મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની જનતામાં માંગ ઉઠવા પામી છે.

આદરજ મોટીથી વિજાપુર રેલવે લાઈનને બ્રોડગેઝમાં રૂપાંતર કરવાનું કાર્ય જલ્દી શરૂ કરાય અને તે માટે ગુજરાત સરકારના રેલવે વિભાગે પણ જનરલ મેનેજરને રજૂઆત કરવી જોઈએ તેવી બંને જિલ્લાના નાગરિકોની માંગણી છે. વળી અત્યારે તો ભારતના ગૃહ પ્રધાન અમિતભાઈ શાહ ગાંધીનગરના પ્રતિનિધિ હોવાથી તેમણે અંગત રસ લઈ ગેઝ પરિવર્તનના આ અપાયેલા કાર્યને જલ્દીથી શરૂ કરવામાં આવે તે માટે રેલવેમાં રજૂઆત કરવી જોઈએ તેવુ પ્રો. પટેલે જણાવ્યું છે.

# ચ માર્ગ પર ઈકોની ટક્કરે મા-દિકરાનું કરૂણ મૃત્યુ

### બપોરના સુમારે ચ દોઢ પાસે અકસ્માત સર્જાયો, બાઈકને પાછળથી ઈકો કારની ટક્કર વાગી, મા-દિકરો ઈડરના ચોરીવાડ જઈ રહ્યા હતા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મા-દિકરાનું મૃત્યું નિપજયું છે. ઈકો કારે પાછળથી બાઈકને જોરદાર ટક્કર મારતા મા-દિકરો ઉંછળીને માર્ગ પર નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક નાગરીકોએ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના ડોકટરે મા-દિકરાને મૃત જાહેર કર્યા હતા. અમદાવાથી ગાંધીનગર થઈને બાઈક લઈને મા-દિકરો ઈડરના ચોરીવાડ જઈ રહ્યા હતા, ત્યારે ચ માર્ગ પર બપોરે અકસ્માત સર્જાયો હતો. ચોરીવાડના પંચેશ્વર મહાદેવના પૂજારીએ પત્ની અને દિકરાને ગુમાવતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ વિદ્યાસાગર રામકૃષ્ણ પાંડે (ઉં.૩૭) અમદાવાદથી બાઈક પર માતા માધુરીદેવી પાંડે ને બેસાડી ગાંધીનગર થઈને ચોરીવાડ જઈ રહ્યો હતો.ત્યારે બપોરના સુમારે ચ માર્ગ પર ૧-૨ ના કટ પાસે પાછળથી પુરઝડપે આવી રહેલી ઈકો કાર નં. જી.જે.૨૭.ડી.બી.-૦૭૪૫ ના ચાલકે બાઈકને ટકકર મારી હતી. જેથી બાઈક પર સવાર મા-દિકરો ઉંચા ઉછળીને માર્ગ પર પટકાયા હતા. જેથી તેઓ બંન્ને શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ બોલાવી સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં હાજર ડોકટર દ્વારા મા-દિકરાને મૃત જાહેર કરાયા હતા. ઉલ્લેખનીય છે કે મુળ બિહારના અને હાલ ઈડરના ચોરીવાડ ખાતે રહીને પંચેશ્વર મહાદેવની પૂજા કરતા રામકૃષ્ણ પાંડેના પરિવારમાં બે દિકરા અને બે દિકરીઓ છે. જેમાં અગાઉ એક દિકરાનું અવસાન થયું હતું, જયારે બીજો દિકરો અને પત્ની અકસ્માતમાં ગુમાવતા પૂજારીના માથે આભ ફાટી પડ્યું છે. પોલીસે ઈકો ગાડીના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.












કચ્છના રાપર ખાતે લોયર એસોસીએશન ગુજરાતના પ્રભારી એડવોકેટ દેવજીભાઈ મહેશ્વરીની ધોળે દિવસે જાહેરમાં નિર્મમ હત્યા તથા ઉત્તરપ્રદેશના હાથરસમાં મનિષા વાલ્મીકી પર અત્યાચાર ગુજારી તેની નિર્મમ હત્યા કરવાની ઘટનાને ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિએ સખત શબ્દોમાં વખોડી છે. આવી ઘટનાઓ સામે દેશભરમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ગુન્હેગારોને કડકમાં કડક સજા કરવા અને તપાસમાં ઝડપ લાવવા આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

## ચાર નાયબ મામલતદારો બદલાયા

ગાંધીનગર, તા. ૫

ચાર નાયબ મામલતદારોની બદલીના હુકમો આજે જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવ્યા છે.

આજે કરાયેલ બદલીના હુકમોમાં સુશ્રી લત્તાબેન સી. પરમાર જેઓ ઝોનલ ઓફિસર તરીકે ફરજો બજાવતા હતા તેમને પુરવઠા અધિકારીની કચેરીમાં, એન.એ. રાવને ડિઝાસ્ટરમાંથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના નાયબ મામલતદાર તરીકે, કલોલમાં ના. મામલતદાર એન.પી. ઠાકોરને ના. મામલતદાર, એ.ટી.વી.ટી તરીકે કલોલમાં અને કલોલમાં જ એ.ટી.વી. ના. મામલતદાર ઝાલાનેતા.પં, જિ.પં.ની ચૂંટણી માટે મુકવામાં આવ્યા છે.

# માણસા મકાખાડ ૩ કિમીના માર્ગનુ ૭ મીટર વાઈડનીંગ કરાશે

ગાંધીનગર તા ૫

વરસાદી દિવસોના અંતે ગાંધીનગર શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લાને જોડતા વિવિધ માર્ગોનુ પણ કામ હાથ ધરાયુ છે. હાલ માર્ગ મકાન વિભાગ દ્વારા માણસા મકાખાડ માર્ગના વાઈડનીંગનુ કામ પણ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. સ્ટેટ હાઈવેમાં આવતા આ માર્ગનુ ૩ કીમી વિસ્તારમાં ૫.૫૦ મીટરમાંથી ૭ મીટર વાઈડનીગ કરાશે. જેના લીધે આગામી દિવસોમાં આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બનશે. ગાંધીનગર માણસા તરફ જવા માટે પણ સરળતા રહેશે.

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. વરસાદી દિવસોના અંતે શહેરમાં પણ તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે જિલ્લાને જોડતા અન્ય માર્ગોનુ પણ કામ શરૂ કરી દેવાયુ છે. વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થતા હાલ એકબાજુ પેચ વર્કની કામગીરી પણ ચાલી રહી છે. માર્ગો પરના ગાબડા દુર કરવા માટે પણ માર્ગોનુ સમારકામ કરવામાં આવી રહ્યુ છે. માર્ગો પર વરસાદી પાણીના લીધે પેચીસ થઈ ગયા હોવાથી પેચવર્ક પણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે નવા માર્ગોનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. માણસા મકાખાડ માર્ગના વાઈડનીંગનુ કામ પણ શરૂ કરી દેવાશે. હાલ આ ૩ કી મી નો માર્ગ ૫.૫૦ મીટર પહોળો છે. જેના સ્થાને હવે આ માર્ગને ૭ મીટર પહોળો કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત ૩.૫૦ કરોડનો ખર્ચ કરાશે.આગળ જતા આ માર્ગ મહુડી માર્ગ સાથે જોડાયેલો હોવાથી ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બનશે.

# મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની નાબાર્ડના ચેરમેન ચિંતાલા સાથે ગાંધીનગરમાં બેઠક

### 'આત્મનિર્ભર ભારત આત્મનિર્ભર ગુજરાત'ની નેમ સાકાર કરવામાં ગુજરાતને કૃષિ-સિંચાઇ-મહિલા ઉત્કર્ષ-ફિશરીઝ-વોટરશેડ જેવી યોજનામાં નાબાર્ડની સહાય મદદરૂપ બનશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે નાબાર્ડના ચેરમેન ચિંતાલાએ ગાંધીનગરમાં યોજેલી બેઠકમાં ગુજરાત સરકાર અને નાબાર્ડના સંબંધો ભારતભરમાં શ્રેષ્ઠ છે તેવો મત વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીએ ગુજરાત વિકાસમાં અગ્રીમ રાજ્ય છે ત્યારે નાબાર્ડ પણ આર.આઈ.ડી.એફ., વેરહાઉસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માઈક્રો ઈરીગેશન જેવી મહત્વપૂર્ણ યોજનાઓ માટે રાજ્ય સરકારને માતબર નાણાં ભંડોળથી સહાય આપે છે તે માટે આભાર દર્શાવ્યો હતો.



મુખ્યમંત્રીએ કૃષિ, સિંચાઈ, ફિશરીઝ અને મહિલા ઉત્કર્ષની યોજનાઓમાં નાબાર્ડની સક્રિય ભાગીદારીથી આત્મનિર્ભર ભારત-આત્મનિર્ભર ગુજરાત સાકાર કરવાની નેમ આ અવસરે વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીએ ખાસ કરીને કૃષિ અને સિંચાઈ ક્ષેત્રમાં તેમજ મહિલા સશકિતકરણની પહેલરૂપ એવી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં નાબાર્ડની વધુ સહભાગીતા અંગે ફળદાયી પરામર્શ કર્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોનાના આ સંક્રમણ દરમ્યાન પણ નાણાંના અભાવે વિકાસના કોઈ કામ અટકે નહિ અને નિર્ધારિત લક્ષ્યાંક મુજબ પૂરા થાય તે દિશામાં રાજ્ય સરકારના સક્રિય પ્રયાસોમાં નાબાર્ડનું ઉત્કૃષ્ટ યોગદાન અપેક્ષિત છે.

વિજયભાઈ રૂપાણીએ નાબાર્ડના ચેરમેને ગુજરાતની પ્રખ્યાત કેસર કેરી ખેડૂતો સીધા જ યુરોપના દેશમાં નિકાસ કરી શકે તે દિશામાં બ્લોક ચેઈન ટેકનોલોજી અને યુ.વી. રેડીયેશનની સુવિધા સાથે જિયોમેપિંગ કરવાના સૂઝાવને આવકાર્યો હતો.

મુખ્યમંત્રીએ આ બેઠકની ફળદાયી ચર્ચાઓમાં જણાવ્યું કે ગુજરાત વડાપ્રધાનની ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઈકોનોમી બનાવવાની સંકલ્પનાને સાકાર કરવા પ્રતિબદ્ધ છે તેમાં નાબાર્ડ કૃષિ, ગ્રામ વિકાસ, સિંચાઈ, મહિલા કલ્યાણ યોજનાઓમાં સહયોગ આપી શકે.

નાબાર્ડ ચેરમેને જણાવ્યું કે ગુજરાતમાં આ વર્ષે નાબાર્ડ ૩૯ એફ.પી.ઓ. ફાર્મસ પ્રોડયુસ ઓર્ગેનાઈઝેશન શરૂ કરવાની છે.

# ચિલોડા ખાતે કૃષિ સુધારણા સંબંધિત ત્રણ ખરડા અને ખેડૂતોને સમજૂતિ આપવા માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખેડૂતોના હિતોથી પ્રતિબદ્ધતા કૃષિક્ષેત્ર ખેડૂતોને સમૃદ્ધ બનાવવા કૃષિ સુધારણા અંગે ત્રણ ખરડા સંસદમાં બંને દ્વારા પસાર થઈ કાયદાના સ્વરૂપ ધારણ કર્યુ. જેમાં કૃષિઉપજ, વેપાર વાણિજ્ય સંવર્ધન-સરળીકરણ કૃષક સશક્તિકરણ અને સંરક્ષણ કિંમત આશ્વાસન બંને ખરડા ખેડૂતોની આર્થિક સદ્ધરતા-ક્ષેત્રનો વિકાસ સંબંધિત છે. ત્યારે ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા ખેડૂતોને ઘર આંગણે કૃષિ સંબંધિત ત્રણ ખરડાની સાચી વાત પહોંચાડવા તાલુકાના ચિલોડા સ્થિત ઉમિયાનગર સોસાયટી ખાતે રાજયસભાના સંસદ સભ્ય-પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ આયોજનપંચના અધ્યક્ષ નરહરીભાઈ અમીન અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના મંત્રી હિતેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહાનુભાવોએ કૃષિ સુધારણા ત્રણ વિધેયકોની ખેડૂતોને કાયદા અંગે વિસ્તૃત સમજૂતિ સાથે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.



**ઘરમાં રહો સુરક્ષિત રહો**

